એક સંસ્થા જેના ખોળામાં હજારો ગામડાઓ શ્વાસ લે છે.

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ

# દૂધસાગર પત્રિકા

અંક : ૬ I વર્ષ - ૩ I ડિસેમ્બર - ૨૦૨૩ (સળંગ અંક : ૩૦) www.dudhsagardairy.coop twitter.com/dudhsagardairy dudhsagardairyofficial youtube.com/c/DudhsagardairyCoop

### પશુપાલનના વ્યવસાયમાં બે પૈસા કમાવા માટે હવે અપનાવવા પડશે જ

# વૈજ્ઞાનિક અભિગમો

વિશ્વ આખાની માનવજાત વર્તમાન સમયે ભોજનની બાબતમાં સફાળી જાગૃત બની છે. કોવિડ (કોરોના) બાદ ખાવા પીવાની બાબતોમાં હવે કોઈ સમાધાન નહીં ! આ બાબતે નાગરિકો અને વિવિધ દેશો હવે એલર્ટ મોડમાં આવી ગયા છે. પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધતો જાય છે. શુધ્ધતાનો આગ્રહ ચારે તરફથી જોવા મળી રહ્યો છે. ભલે મોંઘુ મળે - પણ - શુધ્ધ અને સારૂ મળે એ અભિગમ હવે પ્રબળ બન્યો છે. વર્તમાન સમયે જોવા મળતી વિવિધ જીવલેણ બિમારીઓ પાછળ અશુધ્ધ આહાર જવાબદાર છે તેવું વિજ્ઞાન સ્પષ્ટ માને છે. કેન્સર, ડાયાબીટીસ, હાઈપર ટેન્શન, બી.પી, નાની ઉંમરમાં આવતા હાર્ટ એટેક માટે રાસાયણિક ખાતરો અને કિટ નાશકો તથા ભેળસેળ જવાબદાર હોવાનું બધી સરકારો માનતી થઈ છે. ત્યારે ; દૂધ જેવા સૌથી વધુ વપરાતા ખોરાક પ્રજાજનો સુધી શુધ્ધ અને અણીશુધ્ધ સ્વરૂપમાં પહોંચે તે ગંભીર જવાબદારી માત્ર સરકારોની નથી - એક નાગરિક તરીકે આપણે પણ આ ભેળસેળના પાપથી દૂર રહી આપણી આવનારી પેઢીઓ માટે એક સુરક્ષિત વિશ્વ નિર્માણમાં અત્યારથી લાગી જવું પડશે. મહેસાણા દૂધસાગર ડેરી દૂધ અને દૂધની બનાવટોમાં એક વિશ્વસનીય બ્રાન્ડ બની જનમાનસમાં આગવી છબી ધરાવે છે. ત્યારે આપણી સાથે જોડાયેલા લાખો-લાખો પશુપાલકો વધુમાં વધુ પ્રમાણમાં શુધ્ધ દૂધનું ઉત્પાદન કરે અને તંદુરસ્ત ભારતની સાથે - આર્થિક રીતે તેઓ પોતે પણ આ વ્યવસાયમાં પહેલા કરતાં બે પૈસા વધુ કમાઈ તેમના પરિવારને પણ આર્થિક તંદુરસ્તી આપી શકે તે માટે હવે જૂના જમાનાની હાલશે - ચાલશેની નિતી છોડી વિજ્ઞાન દ્વારા આવિષ્કારીત છેલ્લામાં છેલ્લા સંશોધનોનો ઉપયોગ કરતી થાય તે માટે દૂધસાગર ડેરી જાગૃત બની છે તો, આવો આપણે પણ વૈજ્ઞાનિક પધ્ધતિનું પશુપાલન અપનાવી એક નવો ચીલો ચાતરીએ ...

### નવા યુગમાં – નવો દ્રષ્ટિકોણ

### પશુપાલનનો વ્યવસાય હવે, પૂરક ધંધો નથી ચાલો અપનાવીએ એને પૂર્ણ ધંધાના રૂપમાં !!



ન્યૂઝીલેન્ડ - ડેનમાર્ક - ઓસ્ટ્રેલિયા - સ્વિઝરલેન્ડ જેવા દેશોમાં ભરપૂર પ્રમાણમાં દૂધનું ઉત્પાદન થાય છે. આ દેશોમાં પશુપાલન અંગેના સંશોધનો સતત ચાલતા હોય છે. ભારત પણ - એમાંય ગુજરાત દૂધ ઉત્પાદનના ક્ષેત્રમાં અમૂલ માળખાના કારણે વૈશ્વિક દૂધ ઉત્પાદનમાં ખાસું એવું પ્રદાન વર્તમાન સમયે નોંધાવી રહ્યું છે. પણ એક કડવી હકીકત એ પણ છે કે ; અન્ય દેશોના પશુપાલકો જે વૈજ્ઞાનિક અભિગમો અપનાવી વધુ અને ઉત્તમ દૂધ ઉત્પાદન કરી રહ્યા છે એની સમક્ષ આપણે હજી એ કક્ષાએ વૈજ્ઞાનિક સંશાધનોનો ઉપયોગ કરી રહ્યા નથી. એવું નથી કે - આપણી પાસે એ અન્ય દેશોના જેવી વ્યવસ્થા નથી. દૂધસાગર ડેરીની વાત કરીએ તો ; જગુદણ ખાતે આપણી પાસે અદ્યતન કહી શકાય તેવી લેબોરેટરી અને સેક્સડ્ સીમેન ડોઝ જેવા છેલ્લામાં છેલ્લા વૈજ્ઞાનિક આવિષ્કારોના ઉત્પાદન હાજર છે.

પરંતુ , આ વૈજ્ઞાનિક આવિષ્કારોને અપનાવવામાં આપણા પશુપાલકો હજી આળસ રાખી રહ્યા છે તે વાસ્તવિક હકીકત છે.

પશુપાલનના વ્યવસાયને સમજનાર નિષ્ણાતોના મંતવ્ય અનુસાર હવે, પશુપાલન એને એક પૂરક ધંધો માનવાની ભૂલ કરવા જેવી નથી. ભારત અને વિશ્વના બજારમાં આજકાલ શુધ્ધ દૂધ અને શુધ્ધ દૂધમાંથી બનતી વિવિધ ચીજવસ્તુઓની ભારે માંગ ઉઠવા પામી છે. જેની સામે દૂધનું ઉત્પાદન ખૂબ ઓછું છે. આ પરિસ્થિતીમાં, કૃત્રિમ કે સિન્થેટીક બનાવટી દૂધનો ધંધો પાછલા બારણે ખૂબ ફુલી ફાલ્યો છે. જે ખતરનાક હોવાની સાથે - માનવજીવન માટે જીવલેણ સાબિત થઈ રહ્યો છે. આ સંજોગોમાં હવે, વિવિધ દેશોની સરકારો સાથે ભારત સરકાર અને અમૂલ ફેડરેશન પણ આ બનાવટી દૂધના ઉત્પાદકો વિરૂધ્ધ કડક પગલાં ભરવા કટિબદ્ધ બન્યા છે. કેમ કે ; શુધ્ધ દૂધની માંગ હવે ભરપૂર પ્રમાણમાં જોવા મળી રહી છે ત્યારે નજીકના ભવિષ્યમાં દૂધ ઉત્પાદન કરનારા પશુપાલકોને દૂધની કિંમત પણ સારી એવી પ્રાપ્ત થવાની છે ત્યારે આ ક્ષેત્રમાં આગળ વધવા અને આ વ્યવસાયમાંથી આર્થિક રીતે સંપન્ન થવા - પશુપાલનને મોટા પ્રમાણમાં તથા એક ફુલ ટાઈમ વ્યવસાય તરીકે અપનાવવાનો ગોલ્ડન પિરીયડ (ઉત્તમ સમય) હવે શરૂ થઈ ચૂક્યો છે. ત્યારે જે નવયુવાનો એક સ્વતંત્ર ધંધો વિકસાવી સુખી સંપન્ન થવા માગે છે એમના માટે દૂધ ઉત્પાદનના આ વ્યવસાયના વિશાળ દરવાજા ખૂલી રહ્યા છે. પશુપાલનનો વ્યવસાય એ વેઠ માનવાની હવે ભૂલ કરવા જેવી નથી. સંપૂર્ણ શોખથી - પૂર્ણ સમર્પણ ભાવથી આ ધંધાને વૈજ્ઞાનિક જાણકારીઓના અમલ સાથે અપનાવવામાં આવશે તો પોતાના ઉત્પાદનને વટ કે સાથ તે બજારમાં આપી શકશે અને સંતોષકારક ભાવ મેળવી આર્થિક સંપન્નતા પ્રાપ્ત કરી શકશે.

ગુજરાતની વાત કરીએ તો : આજે અમૂલ સાથે જોડાયેલા અઢાર સંઘો ની સરખામણીમાં દૂધસાગર ડેરીના પશુપાલકોને સૌની સમકક્ષ દૂધના પોષણક્ષમ ભાવો મળી રહ્યા છે. જે સમયાંતરે હજી વધતા રહેશે ત્યારે, પશુપાલકોની એક ફરિયાદ એવી પણ સાંભળવા મળે છે કે - ઘાસચારા અને ખાણદાણના ભાવો પોસાતા નથી ! પણ, આવી સમસ્યાઓ તો મોટાથી લઈને નાના તમામ વ્યવસાયકારોને પણ સતત સતાવતા હોય છે. એનો માર્ગ કાઢવો આપણા હાથની વાત છે.

જે પશુ - એ ગાય હોય કે ભેંસ ; આપણે જેના દૂધ ઉત્પાદન થકી વળતર મેળવી રહ્યા છીએ તેની યોગ્ય સંભાળ - એ તંદુરસ્ત રહે - એ કદાપિ બિમાર ના પડે - બિમાર પડે તો ઘરગથ્થું ઉપચાર થકી જલ્દીથી એ સ્વસ્થ થઈ શકે - એને યોગ્ય રહેઠાણની વ્યવસ્થા પ્રાપ્ત થાય - એને જરૂરી ખોરાક અને પાણીની માત્રા મળી રહે તથા તે નિર્ભય અવસ્થામાં આપણી સાથે સ્વસ્થ અને મસ્ત રહી શકે તેવા વાતાવરણ નું નિર્માણ કરવું આપણા હાથની વાત છે અને આવા બધા નાના-નાના કાળજી સભર ઉપાયો અને પ્રવૃત્તિઓ ઓછા પશુઓએ પણ મબલખ દૂધ ઉત્પાદન મેળવવાના રામબાણ ઉપાય સમાન છે.

**અમૂલ સાગર** **વૈજ્ઞાનિક અભિગમો સાથેના પશુપાલન અંગે દૂધસાગર પત્રિકાના આગામી જાન્યુઆરી માસના અંકમાં નિષ્ણાત પશુ ચિકિત્સક અને પશુ વૈજ્ઞાનિકોના વિચાર - વિર્મશ આગળ વધારીશું** **અમૂલ સાગર**

# 104 મી જન્મજયંતીએ સાગરના સર્જનહાર

## સ્વ. માનસિંહભાઈ પટેલ ના ચરણ કમલમાં દૂધસાગર વંદના





ઉત્તર ગુજરાતની મહેસાણા - પાટણ અને ગાંધીનગરની પવિત્ર ભૂમિ ઉપર લાખો-લાખો પશુપાલકોના કલ્યાણ અર્થે જન્મેલા અને પાણી વગરની ધરતી ઉપર દૂધનો સાગર લહેરાવનાર મહાત્મા સ્વ. માનસિંહભાઈ પૃથ્વીરાજ પટેલની ગત. ૧૫ નવેમ્બરના રોજ ૧૦૪ મી જન્મ જયંતી નિમીત્તે તેમણે ઉભી કરેલી આ મહાસાગર રૂપી - દૂધસાગર સંસ્થામાં સ્વર્ગસ્થ આત્માના અમૂલ્ય ઋણને યાદ કરવા સંસ્થાના વર્તમાન ચેરમેન શ્રી. અશોકભાઈ બી. ચૌધરીની પ્રેરણાદાયી ઉપસ્થિતીમાં ભાવાંજલિ અર્પણ કરતી એક પ્રાર્થના સભાનું સાદગી અને દિવ્યતા સભર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ચેરમેનશ્રીએ માનસિંહભાઈના મહાનગુણોના વર્ણન સાથે તેમનું જીવન એજ સંદેશ માની - સંસ્થા અને લાખો પશુપાલકોનું હિત હૈયે સદા રાખવાની વાત કરી તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પિત કરી હતી. સદર પ્રસંગમાં ડેરીના ઈન્ચાર્જ E.D પ્રવિણકુમાર સાથે દૂધસાગર ડેરીના તમામ વિભાગના કર્મચારીઓ હાજર રહ્યા હતા.

## ડૉ. કૂરિયન ઈન્ટર ડેરી ક્રિકેટ ટૂર્નામેન્ટની ફાઈનલ ૯ વિકેટથી જીતી દૂધસાગરની ક્રિકેટ ટીમ






તાજેતરમાં GCMMF (ગુજરાત કો.ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન) દ્વારા સમગ્ર ગુજરાતના દૂધ સંઘો વચ્ચે ડૉ.કુરિયન ઈન્ટર ડેરી ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર ટૂર્નામેન્ટ દરમ્યાન મહેસાણાની દૂધસાગર ડેરીના ખેલાડીઓનું અભૂતપુર્વ પ્રદર્શન રહેવા પામ્યું હતું અને ટૂર્નામેન્ટની ફાઈનલ મેચમાં આપણી દૂધસાગર ડેરીની ક્રિકેટ ટીમે - પ્રતિસ્પર્ધી ટીમને ૯ વિકેટથી હરાવી ગૌરવ સાથે ચેમ્પીયન પદ મેળવ્યું હતું. દૂધસાગર ડેરીના MD શ્રી. ધીરજકુમાર ચૌધરી તથા ચેરમેનશ્રી. અશોકભાઈ અને ડિરેક્ટરશ્રી. સરદારભાઈ તથા રાયમલભાઈ દેસાઈ એ વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવી પોતાની ખુશી વ્યક્ત કરી હતી.

### ધનતેરસના પવિત્ર દિવસે દૂધસાગર ડેરીના ફાયનાન્સ & એકાઉન્ટસ્ વિભાગ દ્વારા સંપન્ન થયું

## પરંપરાગત ચોપડાપૂજન





મહેસાણા દૂધસાગર ડેરીના ફાયનાન્સ & એકાઉન્ટસ્ વિભાગ દ્વારા દિપાવલીના તહેવારોમાં ધનતેરસના શુભ દિવસે વર્ષોથી ચોપડા પૂજન કરવામાં આવે છે. આજના આ કોમ્પ્યુટર યુગમાં પણ હિન્દુ સંસ્કૃતિની આ પરંપરા અહીં અકબંધ રાખવામાં આવી છે અને સંપૂર્ણ શાસ્ત્રોક્ત પધ્ધતિ અનુસાર - પૂજાવિધી સહિત આ વિભાગના વડા શ્રી. પીનલભાઈ શાહ અને શ્રી. હર્ષદભાઈ મોદીના સાનિધ્યમાં આ વિભાગના તમામ કર્મચારીઓની ઉપસ્થિતીમાં નવા વર્ષના ચોપડા પૂજનની વિધી સંપન્ન કરવામાં આવી હતી.

## દૂધસાગર ખાતે : કૃષિ પરિસંવાદ-કૃષિ પ્રદર્શન-સેવાસેતુ-ખેડૂતલક્ષી યોજના કાર્યક્રમ



તાજેતરમાં મહેસાણા દૂધસાગર ડેરી ખાતે કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા આયોજિત 'કૃષિ-મહોત્સવ : 2023' માં કૃષિ પરિસંવાદ, કૃષિ પ્રદર્શન, સેવાસેતુ તેમજ ખેડૂતલક્ષી યોજનાઓ રજૂ કરવામાં આવી હતી. ગુજરાત રાજ્ય સરકાર દ્વારા તથા ભારત સરકાર તરફથી દેશના ખેડૂતોની આર્થિક પરિસ્થિતિમાં સુધારો થાય અને કૃષિ અંગેની છેલ્લામાં છેલ્લી માહિતીથી ખેડૂતો વાકેફ બને તે હેતુથી આયોજિત આ કાર્યક્રમમાં મહેસાણા દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી, મહેસાણા જિલ્લા ભાજપના પ્રમુખશ્રી. ગિરીશભાઈ રાજગોર, મહેસાણાના ધારાસભ્યશ્રી. મુકેશભાઈ પટેલ સાથે APMC ચેરમેનશ્રી. રામભાઈ પટેલ અને વિશાળ સંખ્યામાં સ્થાનિક ખેડૂતો હાજર રહ્યા હતા.

# પશુઓ માટે ખૂબ જ લાભકારક છે સાઈલે

## જાણો શિયાળામાં કેવી રીતે બનાવી શકાય : લીલા ઘાસ

પશુઓ માટે લીલો ઘાસચારો ખૂબ જ મહત્વનો છે તે વાત સૌ કોઈ જાણે છે. પરંતુ મુશ્કેલી એ છે કે ગુજરાત જેવા રાજ્યોમાં ઉનાળાનો ગાળો ઘણો લાંબો હોય છે. ચોમાસા અને શિયાળામાં લીલો ઘાસચારો મેળવવો ખાસ મુશ્કેલ નથી. પરંતુ ઉનાળામાં તેની તાણ સર્જાય છે. આવા સમયે લીલો ઘાસચારો ઘણા વધારે રૂપિયા ખર્ચીને ખરીદવો પડે છે. પરંતુ આ જટિલ સમસ્યાનો એક સરળ ઉપાય છે - સાઇલેજ. સાઇલેજ એટલે લીલો ઘાસચારો સરળતાથી ઉપલબ્ધ હોય તે સમયમાં તેનો સંગ્રહ કરી લેવાની પદ્ધતિ. આમ કરવાથી અછતના સમયમાં તે પશુઓને ખવડાવી વધુ દૂધ મેળવી શકાય છે.

**સાઈલેજ એટલે શું ?** સાઈલેજને પશુઓનું અથાણું કે 'લીલા ઘાસચારાનું અથાણું' પણ કહેવામાં આવે છે. જે રીતે પદ્ધતિસર અથાણાં બનાવવાથી કેરી - ગુંદા વગેરે આખુ વર્ષ ખાઈ શકાય છે તે રીતે સાઈલેજનો ઉપયોગ પણ આખા વર્ષ દરમ્યાન કરવામાં આવે છે. સાઈલેજ બનાવવા માટે મકાઈ, જુવાર, બાજરી, ગજરાજ ઘાસ વગેરે લીલા ચારાનો ઉપયોગ થાય છે. આ ચારામાં કાર્બોહાઇડ્રેટ્સ ભરપૂર પ્રમાણમાં હોય છે. સાઈલેજ માટે લીલી મકાઈ શ્રેષ્ઠ ગણવામાં આવે છે. જુવાર પણ ઉત્તમ ગણાય છે. લીલા ઘાસચારાને 50 ટકા ફૂલ આવી જાય પછી તેની કાપણી કરવી જોઈએ. સાઈલેજ માટે આ સમય એટલે પસંદ કરાયો છે કારણ કે આ સમયે ઘાસચારામાં પોષક તત્વો મહત્તમ માત્રામાં સંગ્રાહાયેલાં હોય છે. એ પણ નોંધ લેવી કે સાઈલેજ માટે કઠોળ વર્ગના ઘાસચારાનો ઉપયોગ યોગ્ય નથી.

**સાઈલેજ કેવી રીતે બનાવી શકાય ?** ઘાસચારાની કાપણી કર્યા બાદ તેને 4 થી 6 કલાક સુધી તડકામાં સુકાવા દો. આમ કરવાથી તેમાંથી થોડો ભેજ ઊડી જશે. સાઈલેજ બનાવવા માટે ઘાસચારામાં આદર્શ રીતે 60 થી 70 ટકા ભેજ હોવો જોઈએ. તે દરમિયાન એક ટાવર આકારનો ખાડો તૈયાર કરી દો. ચાફકટર કે સૂડા વડે ઘાસના ચાર સેન્ટિમીટરથી નાના ટૂકડા કરીને તેને ખાડામાં દબાવી દબાવીને ભરવાનું ચાલુ કરો. તેમાં ખાસ ધ્યાન એ રાખવું જોઈએ કે ઘાસચારો હવાચુસ્ત રીતે ભરવો જોઈએ. ખાડામાં એક ફૂટનું ઘર થતું જાય તેમ તેને હવાચુસ્ત રીતે દબાવીને ઘાસના વજનના એક થી બે ટકા જેટલું નમક (મીઠું) નાખવું જોઈએ. આ ઉપરાંત 3 ટકા ગોળનો રસ કે મોલાસીસ ઉમેરવું જોઈએ. આ પછી ઉપર બીજા એક ફૂટનું ઘર કરીને આજ પ્રક્રિયા રિપીટ કરવી. ખાડામાં હવા જેટલી ઓછી રહે તેટલું અથાણું સારૂ બને છે. તે બગડે નહીં તે માટે તેમાં લેક્ટોબેસિલાઈ ટેબ્લેટ ઉમેરી શકાય છે. છેલ્લે તેના ઉપર બે ફૂટ જેટલો હલકા સૂકા ઘાસનો થર કરીને પ્લાસ્ટિકની શીટથી ઢાંકી શકાય. તેને સુરક્ષિત રાખવા તેના ઉપર ૩૦ સેન્ટિમીટર જાડાઈનો માટીનો થર કરીને લીંપણ કરી દેવું. જ્યારે લીંપણ ઉપર તિરાડ દેખાય ત્યારે ફરી લીંપણ કરવું. આ સાઈલેજ સાચવવાની આદર્શ રીત છે. એટલે કે સાઈલેજના ખાડામાં હવા પ્રવેશી શકતી નથી.

**સાઈલેજ કેટલા દિવસમાં તૈયાર થા**
સાઈલેજ બનાવવાની રાસાયણિક
મતે 60 દિવસ સુધી રાહ જોવી જો
પદ્ધતિસર સંગ્રહ કર્યો હોય તો ઝી
શકાય છે. જો ઘાસ ઝીણું ન કાપ્યું હ
**લીલા ઘાસની અવેજમાં સાઈલેજ ખ**
જે સીઝનમાં લીલો ઘાસચારો વધ
આવે છે. આપણે જેમ અથાણું ખાઇ
છે. સામાન્ય રીતે નેપિયર ઘાસ ચ
લીલી મકાઈનો ઉપયોગ કરવો જોઇ
થી પાંચ ટકા જેટલી વધી શકે છે.

**સાઈલેજ તૈયાર થાય પછી આખા દિવસનો સાઈલેજ એક જ વખતમાં કાઢી લેવો.તેના માટે ખાડો એક જ જગ્યાએથી ખોલવો.સાઈલેજ કાઢી લીધા પછી તેને હવાચુસ્ત રીતે ઢાંકી દેવો**

**સાઈલેજને સૂર્યપ્રકાશ, ભેજ કે વરસાદથી દૂર રાખવું જોઈએ.**

**સાઈલેજ ભરવાની પ્રક્રિયા ૨૪ કલાકથી લાંબી ન ચાલવી જોઈએ. આથી આયોજનબદ્ધ રીતે તેને ભરવું જોઈએ.**

**પશુપાલકો માટે ખૂબ જ ફાયદા કારક છે સાઈલેજ !**

ચારાનો સંગ્રહ લીલી અવસ્થામાં કરવામાં આવતો હોવાથી પોષકતત્વો સારી માત્રામાં જળવાય છે.

સૂકાચારામાં પોષકતત્વોનું પ્રમાણ 60% હોય છે. સાઈલેજમાં તે 85% સુધી જળવાય છે.

સાઈલેજ માટેનું લીલું ઘાસ 50 ટકા ફૂલ બેસે તે પહેલાં જ કાપી લેવાનું હોવાથી આ ઘાસ રોગમુક્ત હોય છે.

સાઈલેજ
વધારે જગ્ય
આ ઉપરાંત સ
તેમાં આગ લ
નથી



# જ :

## ું અથાણું

**ય છે ? પશુઓને કેટલા દિવસ પછી ખવડાવી શકાય ?**

પ્રક્રિયા પૂર્ણ થવામાં એક થી દોઢ મહિનાનો સમય લાગે છે. નિષ્ણાતોના
એ. ત્યાં સુધીમાં સાઈલેજ પશુઓને ખવડાવવા લાયક બની જાય છે. જો
ું કાપેલું ઘાસ એક ઘનમીટરમાં 600 થી 700 કિલોગ્રામ જેટલું સમાવી
ોય તો આટલા વિસ્તારમાં 500 કિલોગ્રામ જેટલું ઘાસ સમાય છે.

**ૂબ જ ઉપયોગી છે અને 5 ટકા સુધી દૂધની ઊપજ વધી શકે છે.**

રે માત્રામાં થયો હોય ત્યારે તેને કાપીને હવા ચુસ્ત રીતે સંગ્રહ કરવામાં
એ તો મજા આવે છે તેમ ગાયો-ભેંસોને પણ સાઈલેજ નો ટેસ્ટ સારો લાગે
મને જુવારમાંથી સાઈલેજ બને છે. પરંતુ ઉત્તમ સાઈલેજ બનાવવા માટે
એ. સાઈલેજ થી પશુઓને સારું પોષણ મળે છે અને દૂધની ઊપજ પણ બે

## સાઈલેજની કાળજી કેવી રીતે રાખવી ?

- સૌપ્રથમ, સાઈલેજ ભરતી વખતે ખાડામાં હવા જરા પણ ન રહે તેની કાળજી રાખવી. ઘાસને દબાવી દબાવીને ભરવું.
- આદર્શ રીતે ખાડા માટે ઊંચી અને પથરાળ જગ્યા પસંદ કરવી જોઈએ.
- ખાડામાં ભીનું ઘાસ ભરવાની ભૂલ ન કરશો. ઘાસમાંથી થોડો ભેજ ઊડી જાય પછી જે તેનો સંગ્રહ કરવો.

સંગ્રહ માટે
ા નથી રોકતું
કા ઘાસની જેમ
ાગવાનો ભય
રહેતો

દૂધાળાં જાનવરને સાઈલેજ નો સ્વાદ ખૂબ ભાવે છે. તેનાથી પશુઓની દૂધ ઉત્પાદન ક્ષમતા ખૂબ વધી જાય છે.

સુકવણીથી ઘાસનો સંગ્રહ કરવો શક્ય ન હોય ત્યારે સાઈલેજ પશુઆહારનો ઉત્તમ વિકલ્પ છે.

## સાઈલેજ તૈયાર થઈ ગયું તે ખબર કેવી રીતે પડે ?

- વ્યવસ્થિત રીતે તૈયાર થયેલા સાઈલેજનો રંગ લીલાશ પડતો ભૂરો અથવા પીળો હોય છે.
- તેની સુગંધથીજ પશુઓ તેને ખાવા લલચાય છે. તેની સુગંધ સરકાને મળતી આવે છે.
- ઉચ્ચ ગુણવત્તાના સાઈલેજમાં ફૂગ કે દુર્ગંધનું નામોનિશાન નથી હોતું.
- સારી રીતે તૈયાર થયેલા સાઈલેજને ખાવામાં પશુઓને વિશેષ રૂચી થાય છે.
- સાઈલેજના ખાડાનો અમ્લતા આંક 4.2 કરતાં ઓછો હોવો જોઈએ. આ આંક જેટલો ઓછો તેટલું ઉત્તમ સાઈલેજ ગણી શકાય.
- સારી ગુણવત્તાના સાઈલેજમાં એમોનિયા અને એસિટિક એસિડનું પ્રમાણ ગણું ઓછું હોય છે.
- ઉત્તમ સાઈલેજમાં ગ્લુટારિક એસિડનું પ્રમાણ 0.2 ટકાથી પણ ઓછું હોય છે.

# પાટણ તાલુકાના દૂધારામપુરા ખાતે ચેરમેનશ્રીના વરદહસ્તે નવિન દૂધઘરનો શુભારંભ



ગત તા.૨૬ નવેમ્બર અને રવિવારના રોજ સવારે પાટણ તાલુકાના દૂધારામપુરા ગામ ખાતે દૂધ મંડળીના નવિન મકાનનું ઉદ્‌ઘાટન મહેસાણા દૂધસાગર ડેરીના યશસ્વી ચેરમેનશ્રી. અશોકભાઈ બી. ચૌધરી, સંસ્થાના ડિરેક્ટર તથા ખેરાલુના ધારાસભ્ય શ્રી. સરદારભાઈ ચૌધરી, ડિરેક્ટરશ્રી. પ્રધાનજી ઠાકોર, હારીજ APMC ના ચેરમેનશ્રી. ભગવાનભાઈ ચૌધરી, સ્થાનિક ચૌધરી સમાજના પ્રમુખ શ્રી. રામજીભાઈ ચૌધરી, દૂધારામપુરા દૂધ મંડળીના પ્રમુખ શ્રી. કમાભાઈ ચૌધરી તથા ગ્રામજનો અને આગેવાનો સહિત સમગ્ર ગામના યુવાનો અને ભાઈ બહેનોની હાજરીમાં સંપન્ન થવા પામ્યું હતું.

તા. ૨૬ નવેમ્બર એટલે અમૂલના જનક અને ભારતમાં શ્વેતક્રાંતિ ઉભી કરી ભારતના - ખાસ કરી ગુજરાતના ગામડાઓને આર્થિક સમૃદ્ધિ બક્ષનાર શ્રધ્ધેય ડૉ. વર્ગીસ કુરિયનના જન્મ દિવસની યાદમાં ઉજવાતો 'નેશનલ મિલ્ક ડે' !! આજના આ પવિત્ર દિવસે પાટણ તાલુકાના દૂધારામપુરા ખાતે ઉભા કરવામાં આવેલા મંડળીના નવિન મકાનના શુભારંભ પ્રસંગે દૂધસાગર ડેરીના ચેરમેનશ્રીએ આ નવિન દૂધ મંડળી વધુમાં વધુ દૂધ ઉત્પાદન કરી આર્થિક સંપન્નતા પ્રાપ્ત કરે તેવી શુભકામનાઓ પાઠવી વર્તમાન દૂધસાગર ડેરી છેવાડાના પશુપાલકો માટે સતત ચિંતનશીલ હોવાનું જણાવી સમગ્ર નિયામક મંડળ દૂધ ઉત્પાદકોને સાથે લઈ - તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે કામ કરી રહ્યું છે અને તેના શુભ પરિણામો આવનાર વર્ષોમાં છેવાડાના ગામડાના - છેલ્લામાં છેલ્લા પશુપાલક સુધી પહોંચશે તેવો વિશ્વાસ વ્યક્ત કરી દૂધસાગર ડેરી વર્તમાન સમય સાથે કદમ મિલાવવા મશીનરીથી લઈ નવિન દૂધઘર, ગોડાઉન તથા વેટરનરી વિભાગની સેવાઓ તથા સંશોધનોથી તમામ પશુપાલકો માહિતગાર થાય અને વૈજ્ઞાનિક પશુપાલન થકી દૂધસાગર ડેરી સાથે જોડાયેલા લાખો-લાખો પશુપાલકો સાથે મળી આર્થિક મજબૂતીના માલિક બને તેવી ભાવનાત્મક વાતો કરી હતી.

## શ્રી. મોતીભાઈ રણછોડભાઈ ચૌધરી સાગર સૈનિક સ્કૂલ

# ENTRANCE EXAM(AISSEE)

MCSSS
AN INITIATIVE OF DUDHSAGAR DAIRY
KNOWLEDGE • DEFENCE • BRAVERY
SHRI MOTIBHAI R CHAUDHARY SAGAR SAINIK SCHOOL

### મિનિસ્ટ્રી ઓફ ડિફેન્સ સંચાલિત

CBSE સૈનિક સ્કૂલ માટે વર્ષ 2023-24

માટેની ધો.6 અને ધો.9 ની પ્રવેશ પરીક્ષા

કાર્યક્રમની વિગતો

| | |
|---|---|
| પરીક્ષાની તારીખ | 21/01/2024(રવિવાર) |
| પરીક્ષા પધ્ધતિ | **OMR** શીટ બેઝ |
| પેપર પેટર્ન | બહુવૈકલ્પિક પ્રશ્ન પધ્ધતિ |
| પરીક્ષાનું સ્થળ | દેશના વિવિધ 186 શહેરોમાં |
| ધો.6 માં પ્રવેશ માટેની પાત્રતા | તા. 31/03/2024 ના રોજ ઉમેદવારની ઉંમર 10 થી 12 વર્ષ હોવી જોઈએ |
| ધો.9 માં પ્રવેશ માટેની પાત્રતા | તા. 31/03/2024 ના રોજ ઉમેદવારની ઉંમર 13 થી 15 વર્ષ હોવી જોઈએ |
| પરીક્ષાની ફી | જનરલ/ઓ.બી.સી/ડિફેન્સ એક્સ આર્મી મેન - રૂા. 650/- એસ.ટી/એસ.સી - રૂા. 500/- |
| ઓનલાઈન અરજીપત્રક સબમીટ(દાખલ) કરવાની છેલ્લી તારીખ | 16/12/2023 સાંજે 5 વાગ્યા સુધીમાં |
| ઓનલાઈન પરીક્ષા ફી ભરવાની છેલ્લી તારીખ | 16/12/2023 (રાત્રે 11.50 વાગ્યા સુધીમાં) પરીક્ષા ફી ઓનલાઈન DEBIT/CREDIT CARD કે ઈન્ટરનેટ બેકિંગ અથવા UPI દ્વારા ભરી શકાશે |

ભારત સરકારની સૈનિક સ્કૂલ સોસાયટી અને મિનિસ્ટ્રી ઓફ ડિફેન્સ દ્વારા ભારતમાં 33 જૂની અને 19 નવી સ્થપાયેલી સૈનિક સ્કૂલોમાં ધો. 6 થી પ્રવેશ આપવામાં આવે છે. વર્ષ 2024-25 માં પ્રવેશ મેળવવા માટે 01 એપ્રિલ 2012 થી 31 માર્ચ 2014 વચ્ચે જન્મેલા વિદ્યાર્થીઓ જ આ પરીક્ષા આપી શકશે. આ સ્કૂલમાં પ્રવેશ માટેની પરીક્ષા તા. 21/01/2024(રવિવાર)ના રોજ લેવાનાર છે. ગુજરાતમાં પરીક્ષાના કેન્દ્રો મહેસાણા, અમદાવાદ, જામનગર, જૂનાગઢ અને સુરત રાખવામાં આવેલા છે. પરીક્ષાની ભાષા અંગ્રેજી, હિન્દી અને ગુજરાતી છે. પરીક્ષાનો સમયગાળો 02:30 કલાકનો રહેશે. જેમાં ઓનલાઈન ફોર્મ ભરવાની વેબસાઈટ - https://aissee.ntaonline.in/frontend/web/registration/create છે. ઓનલાઈન ફોર્મ ભરવા માટે જરૂરી દસ્તાવેજ તરીકે ફોટો, સહી, ડાબા હાથના અંગૂઠાનું નિશાન અને જન્મતારીખનો દાખલો ઓનલાઈન અપલોડ કરવાનો રહેશે. આ પરીક્ષા નેશનલ ટેસ્ટીંગ એજન્સી, નવી દિલ્હી દ્વારા લેવામાં આવશે. પ્રવેશ ફોર્મ ભરવાનો સમયગાળો તા. 7/11/2023 થી 16/12/2023 સુધીનો છે. ફોર્મ ભરવા માટેની ફી જનરલ કેટેગરી અને ઓ.બી.સી. માટે રૂા. 650/- અને એસ.સી./એસ.ટી. માટે રૂા. 500/- છે. વધુ વિગતો જાણવા મહેસાણા દૂધસાગર ડેરી-સાગર સૈનિક સ્કૂલનો સંપર્ક કરવો.

# વિકાસના પંથે આગળ આપણી દૂધસાગર !!

**ઓક્ટોબર મહિના ના આખરી દિવસે મહેસાણા તાલુકા-જિલ્લાના**

## ખરસદા દૂધ મંડળીના નવા મકાનનું ઉદ્ઘાટન



મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. એટલે કે આપણી ઉત્તર ગુજરાતની ઓળખ અને જીવાદોરી સમાન દૂધસાગર ડેરી હાલના વર્તમાન ચેરમેનશ્રી. અશોકભાઈ બી. ચૌધરીના નેતૃત્ત્વમાં સમગ્ર નિયામક મંડળના સહયોગથી સતત વિકાસની દિશામાં આગળ વધી રહી છે. આશરે ૧૩૫૦ થી વધુ સ્થાનિક ગ્રામિણ દૂધ મંડળીઓને પોતાની સાથે લઈ ચાલવાની ભાવના કેળવી ચૂકેલી આપણી સંસ્થા ધીમે પણ નક્કર પગલે પોતાનો આકાર અને ઉદ્દેશ બદલતી જાય છે તથા વિકાસના નવા નવા આયામોને અપનાવી એક ઉજ્જવળ ભવિષ્યના નિર્માણમાં ઓતપ્રોત બની રહી છે. સંસ્થામાં ઊભો થઈ રહેલો પાવડર પ્લાન્ટ હોય - UHT દૂધ માટેનું નિર્માણ કાર્ય હોય કે; જૂની મશીનરી ? ધીમે ધીમે તેને બદલીને આજના યુગને અનુરૂપ ઢાળવાનું કામ પવિત્રતા અને પારદર્શકતા સાથે નવા યુગના ઉદાર દ્રષ્ટિકોણથી આગળ ધપી રહ્યું છે. સ્થાનિક દૂધ મંડળીઓ અને પશુપાલકોની પરવાહ તરફ નજર કરીએ તો... જરૂરી મંડળીઓમાં દૂધઘર - ગોડાઉન - બલ્ક કૂલર - સરકારની યોજનાઓ - દૂરડાની સહાયો તથા અટવાઈ પડેલા વિમા ક્લેઈમ બધી જ સમસ્યાઓના ઝડપી અને સંતોષકારક નિવારણો આવી રહ્યા છે. તાજેતરમાં તા. ૩૧/૧૦/૨૦૨૩ ને મંગળવારના રોજ મહેસાણા તાલુકા-જિલ્લાના ખરસદા ગામની દૂધ ઉત્પાદક મંડળીના નવિન મકાનનું ઉદ્ઘાટન દૂધસાગર સંસ્થાના ચેરમેનશ્રી ની પ્રેરક ઉપસ્થિતિમાં સંપન્ન થયું. આ તબક્કે નિયામક મંડળના સભ્યશ્રી. અમરતભાઈ દેસાઈ, નવિન દૂધ ઉત્પાદક મંડળીના મકાનના ભૂમિદાતાશ્રી. મહેશભાઈ હરિભાઈ પટેલ, મહેસાણા અર્બન બેંકના વાઈસ ચેરમેનશ્રી. કે. કે. પટેલ અને મોટી સંખ્યામાં ગ્રામજનો તથા પશુપાલકો તથા સભાસદો ઉપસ્થિત રહ્યા હતા અને દૂધસાગર ડેરી દ્વારા સ્થાનિક મંડળીઓને આપવામાં આવતા પ્રોત્સાહનથી પોતાનો રાજીપો વ્યક્ત કરતા હતા.

# સહકારથી સમૃદ્ધિની સફરમાં જોડાવા દરેક સહકારી સંસ્થાઓ આગળ આવે



ખેડૂતોની આવક વધારવા અને કૃષિ ઉપજના માર્કેટીંગ, બ્રાન્ડિંગ માટે ત્રણ સહકારી સંસ્થાઓની સ્થાપના કરી ખેડૂતોને સમૃદ્ધિના માર્ગે લઈ જવા સરકાર સંકલ્પબદ્ધ છે.

પ્રાથમિક કૃષિ સહકારી મંડળીઓ કેન્દ્રએ સ્થાપેલી ત્રણ કંપનીઓના સભ્ય બનીને કૃષિ ઉપજોના વેલ્યુએડિશન અને માર્કેટીંગ થકી થનારા નફાના ભાગીદાર બની શકશે.



પ્રધાનમંત્રીશ્રી. નરેન્દ્રભાઈ મોદી અને સહકારિતા મંત્રીશ્રી. અમિતભાઈ શાહે નવીનીતિ હેઠળ સહકારી સંસ્થાઓ માટે મોડેલ બાયલોઝ તૈયાર કરાવ્યા છે. તેમના ડિજિટાઈઝેશના માધ્યમથી તેમને આત્મનિર્ભર બનાવવાની ક્વાયત પણ હાથ ધરવામાં આવેલી છે. આ હેતુને પાર પાડવા કેન્દ્ર સરકારે ત્રણ મલ્ટીસ્ટેટ કો-ઓપરેટીવ સોસાયટીની સ્થાપના કરી છે. આ ત્રણેય સંસ્થાઓનું સભ્યપદ માટે દરેક પ્રાથમિક કૃષિ સહકારી મંડળીઓ અને અન્ય સહકારી સંસ્થાઓને આમંત્રણ આપવામાં આવી રહ્યું છે. સહકારી મંડળીઓને સંગીન બનાવવાની સાથે સાથે રાજ્ય અને રાષ્ટ્ર નિર્માણની દિશામાં વર્તમાન કેન્દ્ર સરકાર આગળ વધવા માગે છે. આ સંસ્થાઓના સભ્ય બનવા માટેનું મેમ્બરશીપ ફોર્મ અને તેના સભ્ય બનવા માટેની ઠરાવની નકલ પણ સહુને ઉપલબ્ધ કરાવવામાં આવશે. આમ, ખેડૂતોના હિતમાં રચવામાં આવેલી રાષ્ટ્રીય સ્તરની કંપનીમાં મહત્તમ સંખ્યામાં સભાસદો બને તેવી અપીલ કરવામાં આવી છે.

આ સાથે જ અંદાજે રૂ.૨૦૦૦ કરોડની શેર મૂડી લગાવીને રચવામાં આવેલી ઉપરોક્ત ત્રણ કંપનીઓના સભાસદ બનવા માટે કૃષિ સહકારી તથા અન્ય સહકારી મંડળીઓને આવાહન કરવામાં આવ્યું છે. આ કંપનીઓ કૃષિ સહકારી મંડળીઓ દ્વારા આપવામાં આવતી તમામ પ્રકારની ઉપજોને ખરીદી, સંગ્રહ કરી, તેના ઉપર જરૂરી પ્રક્રિયા કરીને, બ્રાન્ડીંગ - લેબલિંગ ને પેકેજિંગ કરીને તેને પ્રામાણિત કરીને તેનો નિકાસ કરશે. આ માટે આ કંપનીઓ જરૂરી સંશોધનો પણ કરશે. ભારતની બહાર આ ઉપજોનું મોટું માર્કેટ ઉપલબ્ધ કરાવશે. ખેડૂતોની તમામ ઉપજો અને સેવાઓની નિકાસ કરીને તેમને શ્રેષ્ઠ કિંમત અપાવવાની કામગીરી કરશે. કેન્દ્ર સરકારે સ્થાપેલી આ કંપનીઓ પ્રાથમિક કૃષિ સહકારી મંડળીના માધ્યમથી ખેડૂતોને ટેક્નીકલ ગાઈડન્સ પણ આપશે અને તેમની નાણાંકિય જરૂરીયાત પૂરી કરવા માટે મદદ પણ કરશે. ખેડૂતોને તેમની ઉપજ વિક્સાવવા અને તેની ગુણવત્તા સુધારવા માટે તાલીમ આપવામાં આવશે. ખેડૂતોની ઉત્પાદન ક્ષમતાને નવી ઊંચાઈએ લઈ જવા માટે સ્થાપિત થનારી આ કંપનીઓમાં જોડાવવા દરેક સરકારી સંસ્થાઓ આગળ આવે એ ઇચ્છનીય છે. વધુ વિગતોને સમજવા અને જાણવા ખેડૂતો અને કૃષિ સહકારી મંડળીઓ નીચે આપેલી કંપનીઓનો સંપર્ક કરી શકે છે.

1. National Co-operative Organics Limited (NCOL)
   **આ કંપની ખેડૂતો પાસે વધુ અને ઉત્તમ ઉપજ પેદા કરવાના કામ કરશે.**
2. National Co-operative Export Limited (NCEL)
   **આ કંપની ઉપજને બ્રાન્ડીંગ-લેબલીંગ-પેકેજીંગ કરી વિશ્વબજારમાં વેચાણ કરશે.**
3. Bharatiya Beej Sahakari Samiti Limited (BBSSL)
   **આ કંપની ખેડૂતો માટે ઉત્તમ અને વધુ ઉપજ માટે બિયારણ અને પાકની ગુણવત્તા સુધારવા તાલીમ વગેરે ઉપલબ્ધ કરાવશે.**



# અમૂલ ક્લીન ફ્યુઅલ રેલી

## દૂધસાગર - મહેસાણાના આંગણે





ગત તા. ૨૬ નવેમ્બરના રોજ સ્વ.ડૉ.વર્ગીસ કુરિયનની જન્મજયંતી પ્રસંગે ઉજવાતા નેશનલ મિલ્ક ડે નિમિત્તે GCMMF (ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન), NDDB અને MARUTI SUZUKI દ્વારા આયોજીત અમૂલ ક્લીન ફ્યુઅલ BIO CNG કાર રેલી કે જેનો પ્રારંભ પૂના (મહારાષ્ટ્ર) થી અમૂલ ફેડરેશનના MD શ્રી.જયેન મહેતા, મારૂતીના ડિરેક્ટર કેનીચીરો તોયોફુકુ અને નિર્મલા કુરિયન દ્વારા કરાવવામાં આવ્યો હતો.

વર્તમાન સમયમાં ગ્લોબલ વોર્મિંગની સમસ્યા સમગ્ર વિશ્વને સતાવી રહી છે ત્યારે આશરે ૧૨ BIO CNG કારોની રેલી દ્વારા જનમાનસમાં સ્વચ્છ બાયો ફ્યુઅલ માટે જાગૃતિ આવે તે હેતુથી અમૂલ દ્વારા આ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. પોતાના પ્રવાસ દરમ્યાન આ રેલીએ આશરે ૧૪૦૦ કિલોમીટરનું અંતર કાપી વલસાડ, સુરત, ભરૂચ, વડોદરા, સ્ટેચ્યુ ઓફ યુનિટી, હિંમતનગર, પાલનપુર અને મહેસાણા સહિત અમદાવાદ થી આણંદ સુધીનો પ્રવાસ કર્યો હતો.

અમૂલ ક્લીન ફ્યુઅલ રેલી ' ગત તા. ૨૫ નવેમ્બરના રોજ બપોરના સમયે મહેસાણા દૂધસાગર ડેરી ખાતે પહોંચી ત્યારે દૂધસાગર ડેરીના કેમ્પસમાં એક ઉત્સાહના વાતાવરણનું સર્જન થવા પામ્યું હતું. દૂધસાગર ડેરી તંત્ર દ્વારા આ રેલીનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને દૂધસાગર ડેરીના MIDFT હોલ ખાતે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સદર સમારંભમાં દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. અશોકભાઈ બી. ચૌધરીએ ઉપસ્થિત GCMMF, મારૂતી સુઝુકીના અધિકારીઓ તથા દૂધસાગરના કર્મચારીઓ અને અધિકારીઓની ઉપસ્થિતીમાં પોતાના વિચારો પ્રગટ કરતાં જણાવ્યું હતું કે : આજના સમયમાં ગ્લોબલ વોર્મિંગમાં ઘટાડો કરવા અને સ્વચ્છ બાયો ફ્યુઅલને પ્રોત્સાહન આપવા માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબે ગોબરધન યોજના ચાલુ કરી છે. આપણી પાસે આજે પુષ્કળ માત્રામાં ગોબર ઉપલબ્ધ છે ત્યારે તેનો ઉપયોગ કરીને BIO CNG ગેસ તથા ઉત્તમ બાયો ફર્ટીલાઈઝર બનાવી વાતાવરણને તંદુરસ્ત કરીને આત્મનિર્ભરતા મેળવી શકીએ તેમ છીએ. દૂધસાગર ડેરી તરીકે અમે બાયોગેસ પ્લાન્ટને પ્રોત્સાહન આપી રહ્યા છીએ. મહેસાણા ડેરી દ્વારા ખેરાલુ - સતલાસણા તાલુકામાં હાલમાં ૨૦૦ વ્યક્તિગત બાયોગેસ પ્લાન્ટ અને પાટણ જિલ્લાના હારીજ તાલુકામાં ૨૦૦ પ્લાન્ટ એમ મળી કુલ ૪૦૦ બાયોગેસ પ્લાન્ટ કાર્યરત કરેલા છે. આગામી સમયમાં ૨૦૦૦ બાયોગેસ પ્લાન્ટ અને સ્લરી પ્રોસેસિંગ પ્લાન્ટ અને ૫૦૦૦ ક્યુબીક મીટરના BIO CNG પ્લાન્ટનું આયોજન કરી રહ્યા છીએ. મારૂતિ સુઝુકી અમારા જિલ્લામાં જ બેચરાજી ખાતે કાર્યરત છે તો ક્લીન એનર્જીના અમારા અભિયાનમાં તે પણ સહ ભાગીદાર બને તે માટે આમંત્રિત કરીએ છીએ. ચેરમેનશ્રીએ શ્વેતક્રાંતિના જનક ડૉ. વર્ગીસ કુરિયનના યોગદાનને યાદ કરી દૂધસાગર વતીથી તેમને ભાવાંજલિ પાઠવી હતી. સદર પ્રસંગે GCMMF ના અધિકારીશ્રી. હેમંત ગૌની તથા શ્રી. પવનકુમાર સાથે આપણી સંસ્થાના MD શ્રી. ધીરજકુમાર અને ઈન્ચાર્જ ED શ્રી. પ્રવિણકુમાર બામ્ભી ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી. અશ્વિન ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રીઃ મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.
આસ્થા ડિજીટલ, મહેસાણા